ગાંધીનગર સમાચાર

ગાંધીનગર **તાપમાન**

મહત્તમ : ૩૪.૬ ડીગ્રી
લઘુતમ : ૧૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૪ ટકા

# સરકારી કચેરીઓમાં હજુ દિવાળીનો માહોલ

## ૩૦ અને ૩૧ ઓકટોબરે રજા હોવાથી ફરવા જનારા કર્મચારીઓની સંખ્યા વધીઃ કચેરીઓ શરૂ થઈ પરંતુ સાલ મુબારકનો માહોલ બે દિવસ જામ્યો

ગાંધીનગર,તા. ૨૯

દિવાળી અને બેસતા વર્ષની રજાઓનો માહોલ હજુ સરકારી કર્મચારીઓમાં જોવા મળી રહ્યા છે. બેસતા વર્ષ અને ભાઈબીજની રજાઓ બાદ કચેરીઓ ફરી શરૂ થઈ ચૂકી છે. પરંતુ હજી ઓફિસમાં પૂરો સ્ટાફ આવ્યો નથી. ૩૦ અને ૩૧ ઓકટોબરના રોજ રજા હોવીથી રજાઓનું એડજેસ્ટમેન્ટ કરી લાંબી ટ્રીપ પર ફરવા જનારા કર્મચારીઓની સંખ્યાવધી છે. આ વર્ષે સરકારી કર્મચારીઓ માટે દિવાળીની રજાઓનો મેળ સારો રહ્યો છે. ઓકટોબરની રજા જાહેર કરતા ૨૨ થી ૨૬ ઓકટોબર સુધી સળંગ રજાનો મેળ રહ્યો. ૨૬મીએ બેસતા વર્ષ અને ભાઈબીજની ઊજવણી બાદ ૨૭મી ઓકટોબરથી સરકારી કચેરીઓ રાબેતા મુજબ શરૂ થઈ ચૂકી છે. પરંતુ હજુ મોટાભાગની સરકારી કચેરીમાં રજાઓનો માહોલ જોવા મળી રહ્યો છે. ૩૦ અને ૩૧ ઓકટોબરે ફરી રજા હોવાથી ત્રણ રજા મૂકીને લાંબી ટ્રીપ કરનારા સરકારી કર્મચારીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે.





ગત બે વર્ષ કોરોનાના કારણે દિવાળીની ઊજવણી ફીકી રહી હતી. ડરના કારણે બહાર હરવા ફરવા જનારાઓની સંખ્યા ઓછી રહી હતી. પરંતુ આ વર્ષે જાણે બે વર્ષનું સાટુ વાળતા હોય તેમ ફરવા જનારાઓની સંખ્યા ખૂબ રહી. વિદેશ પ્રવાસ કરનારાઓની સંખ્યા પણ સારી એવી રહી છે. થાઈલેન્ડ, મલેશિયા, દુબઈ, બાલી, ફુકેટ અને માલદિવ્સ સુધી ગુજરાતીઓ પહોંચ્યા છે. જેમાં સરકારી કર્મચારીઓ પણ સામેલ છે. મોટાભાગના તમામ પ્રવાસન સ્થળો ગુજરાતીઓથી ઊભરાઈ રહ્યા છે.

## જન્મદિને વધામણી



**બી જે શાહ**
મો. ૯૮૨૪૪ ૨૨૫૧૫



**નયન પરમાર**
મો. ૯૬૬૨૬ ૦૩૫૪૬




ગાંધીનગરના નેચર ફર્સ્ટ દ્વારા છેલ્લા ૬૪ સપ્તાહથી વિવિધ સ્થળે પ્લાસ્ટિક મુક્ત અભિયાન કરવામાં આવે છે. ૬૪મા સપ્તાહે યોગી બસ સ્ટેન્ડ, પથિકાશ્રમ ખાતે પ્લાસ્ટિક કચરા સફાઈ કાર્ય કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી નારાયણભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્લાસ્ટિક પેકિંગ બનાવનાર હોય તેને આપણે રજૂઆત કરીએ.જેથી, બગાડ ઓછો થાય. અને સાથે સાથે શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પણ લગ્નની સિઝન આવતી હોય અનાજનો ભોજનનો બગાડ ના થાય તે માટે આયોજકોને રજૂઆત કરવા જણાવ્યું હતું. આ રીતે પ્રકૃત્તિનું રક્ષણ થાય તે માટેના નવા વર્ષમાં વિવિધ પગલાં લેવાનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં શ્રી પ્રજ્ઞાબેન પટેલ તથા યોગી બસ સ્ટેન્ડના શ્રી મુલેશભાઈ નાયક તથા નેચર ફર્સ્ટની ટીમ ઉપસ્થિત રહેલ. શ્રી નારાયણભાઈ પટેલ અને શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ આજે લાભપાંચમના દિવસે સૌને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

# દિવાળીના દિવસે કુડાસણના શ્રી ઉમિયા બંગ્લોઝમાં ગાગડી-માગડીનું પર્વ ઉજવવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૯

દિવાળીના દિવસે ગામડાઓમાં ગાગડીના છોડ કે લીમડાની ડાળમાંથી ધોકા જેવડી ડાળ કાપી, તેના એક છેડે ચીરો કરી, કપડાંની વાટ ભરાવી, ઉપર કપડું વીટી, તેના ઉપર લીંપણી માટી ચોપડી ગાગડી- માગડી તૈયાર કરવામાં આવતી. માટી સુકાઈ જાય એટલે, વાટમાં દિવેલ પુરી મસાલ જેવી ગાગડી - માગડી તૈયાર કરવામાં આવતી હતી. સંધ્યા ટાણે દરેક ઘરમાંથી આવી ગાગડી પ્રગટાવવામાં આવતી અને ગાય, ભેંસ, બળદ જેવા ઘર આંગણાના પાલતું ઢોર અને નાના બાળકોને માથે ફેરવી આખુ વર્ષ રોગોથી મુકત રાખવા માટે ઈષ્ટદેવને પ્રાર્થના કરવામાં આવતી. દરેક મહોલ્લામાંથી બાળકો ગાગડી લઈ 'ગાગડી માગડી તેલ પુરાવો, તેલ ન હોય તો ઘી પુરાવો' ના નારા લગાવતા, આખા ગામમાં ફરતા. ગામની સ્ત્રીઓ પણ હોંસે હોંસે ગાગડીમાં તેલ પુરી આપી આનંદ વ્યક્ત કરતી. આમ કરતાં કરતાં આખા ગામના નાના- મોટા સૌ ગામને પાદર પહોંચતા અને ગાગડીથી ફટાકડા ફોડી દિવાળીના તહેવારનો ખરેખરો આનંદ માણતા હતા.





મોબાઈલ યુગમાં ગામડાઓમાં આવા પર્વનો માહોલ ઘટતો જાય છે, ત્યારે કુડાસણના શ્રી ઉમિયા બંગ્લોઝના વસાહતીઓ દ્વારા ગાગડી- માગડી બનાવી, સોસાયટીના દરેક ઘર પાસે ફેરવી, તેલ પુરાવી આપણી પુરાણી પરંપરાને જાગ્રત કરવાનો સફળ પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

# મધુર ડેરી ખાતે નવા વર્ષે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર તા.૨૯,

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર ડેરી, ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લા સંઘ સંયોજિત દૂધ મંડળીઓના ચેરમેનશ્રી/મંત્રીશ્રી, તથા મધુર પરિવારના કર્મચારીશ્રીઓનો "મધુર સ્નેહ મિલન" કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સ્નેહ મિલન કાર્યક્રમ સંસ્થાના ચેરમેનશ્રી ડો. શંકરસિંહ રાણા સાહેજાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નિયામક મંડળના સભ્યશ્રીઓ, સંઘ સંયોજિત દૂધ મંડળીઓના ચેરમેનશ્રી-મંત્રીશ્રી, મધર ડેરીના મેનેજીંગ ડિરેકટરશ્રી રોહિતકુમાર મહેતા તથા મધુર પરિવારના અધિકારી/ કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં. કાર્યક્રમમાં પધારેલ સર્વેને સંસ્થાના ચેરમેનશ્રી ડો. શંકરસિંહ સણા સાહેબે એકબીજાને નૂતનવર્ષાની શુભેચ્છાઓ પાઠવી હતી.

વધમાં દિઈ દુષ્ટા એવા મધર ડેરીના ચેરમેનશ્રી ડો. શંકરસિંહ રાણા સાહેબે એમની આગવી શૈલીમાં મધર ડેરીની શરૂઆતથી લઈ આજદિન સુધીની કમશઃ પ્રગતિથી માહિતગાર કર્યા હતાં અને દૂધ સંઘ વધુને વધુ આગળ પ્રગતિ કરી, પશુપાલકોની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બને તેવી આશા વ્યકત કરી હતી. સંસ્થાના મેનેજીંગ ડિરેકટરશ્રી રોહિતકુમાર મહેતા સાહેબે પણ કાર્યક્રમમાં હાજર રહેલ સર્વેને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના જનરલ મેનેજર હંસાબેન પટેલે કર્યું હતું. અને સર્વેનો આભાર વ્યકત કર્યો હતો. ત્યારબાદ આ કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો.





વેદિક એસ્ટ્રોલોજી ફાઉન્ડેશન ગાંધીનગર આયોજીત મેરુપૃષઠ શ્રી યંત્ર મહા પૂજાનું રવિવાર ના શુભ દિવસે પ્રમુખથી વિષ્ણુ ભાઈ વૈષ્ણવ ,જયોતિષ આચાર્ય દવારા રામેશ્વર મંદિર સેકટર-૩ / ડી ખાતે કરવામાં આવ્યુ. પૂજા વિધી વિદવાન પંડિતો દ્વારા કરવામાં આવી. અને ગાંધીનગર ના જયોતિષીઓએ આ મહા પૂજાનો લાભ લીધો હતો.

## શ્રી જલારામા બાપાની ૨૨૩મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

તા.૩૧ ઓકટોબરના રોજ શ્રી જલારામ જયંતિની ભવ્ય ઉજવણીનું આયોજન સે-૨૯ ખાતે કરવામાં આવ્યું છે. શ્રી જલારામ સેવા સમાજ દ્વારા સર્વે ધર્મપ્રેમી જનતાને પૂ.બાપાની ૨૨૩મી જન્મ જયંતિની ઉજવણીમાં સહભાગી થવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ ઉજવણીમાં સવારે ૬.૪૫ કલાકેથી સાંજે ૬.૪૫ કલાક સુધી અખંડ ધૂન તથા શોભાયાત્રા, પૂજનવિધિ, અન્નકુટ દર્શન, મહાઆરતી, મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.



## સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૭મી જન્મ જયંતિ ઉજવણીનું આયોજન

તા.૩૧મી ઓકટોબરના રોજ સવારે ૮.૪૫ કલાકે વિધાનસભા પટાંગણ સે-૧૦ ખાતે અખંડ ભારતના શિલ્પી અને ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૭મી જન્મ જયંતિ ઉજવણી પ્રસંગે હાજર રહી સરદાર સાહેબના બાવળાને પુષ્પાંજલિ અર્પી શ્રધ્ધાંજલિ નિમીત્તે યોજાનાર પ્રસંગમાં સમિતિના કન્વીનર વિક્રમ કે.પટેલે સહભાગી થવા આહવાન કર્યું છે.




પ્રકાશના પર્વ દિવાળીમાં રંગોળીનું પણ અનેરું મહત્ત્વ હોય છે ત્યારે નગરજનો દ્વારા પોતાના ઘર આંગણે અવનવી રંગોળી બનાવી દિવાળીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. યુવાધન પણ આ પરંપરાથી બાકાત ના રહેવા માંગતા હોય તેમ પોતાનું કૌશલ્ય રંગોળી દોરી બતાવી રહ્યા હતા.

## બ્રહ્મસમાજનું ૧૨મીએ સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૨૯

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા નવા વર્ષનું સ્નેહમિલન માટે તા.૧૨-૧૧-૨૦૨૨ અને શનિવારે સાંજે એક ભવ્ય કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ છે. આ સ્નેહમિલન સમારંભમાં ગાંધીનગરના દરેક બ્રહ્મ પરિવારના બધા જ સભ્યો એ અચૂક હાજરી આપવા ભાવ ભર્યું આમંત્રણ છે. સ્નેહ મિલન માં ધમાકેદાર મ્યુઝિકલ કાર્યકર્મમાં સમાજ ના કલાકારો દ્વારા ગીતો અને ડાન્સ નો કાર્યક્રમ અને રાસ ગરબા રાખવામાં આવ્યા છે. તેમજ તાજેતરમાં ગાંધીનગર બ્રહ્મ એકેડમીમાંથી તાલીમ મેળવી સરકારી નોકરી પ્રાપ્ત કરનાર યુવાનો અને તેમાં સેવા આપતાં સંચાલક અને ફેકલ્ટીનું સન્માન કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ સ્નેહ મિલન કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર ગાંધીનગરઃ બ્રહ્મ પરિવારના સભ્યો ને શ્રી સમસ્ત બ્રહ્મસમાજના નરેશ દવે પ્રમૂખ, મુકેશ શુકલ મહામંત્રી અને નરેન્દ્ર વ્યાસ ખજાનચી દ્વારા વિનંતી કરવામાં આવી છે.

# ચિલોડાના મુખ્ય બજારમાં બેસતા વર્ષની ઉજવણી પ્રસંગે ફુલબજારે આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા. ૨૯

સવંત-૨૦૭૯ના નવા નૂતન વર્ષાભિનંદન પર્વની અનોખી ઉમંગ



ઉલ્લાસભેર ઉજવણી કરવામાં ફુલોના હારમાળા અને અન્ય પૂજા સામગ્રીનું માહાત્મ્ય રહેલું છે. નવા વર્ષને આવકારવા ઉત્સવપ્રિય રસિકો પોતાના ઘર-વાહનો તેમજ દુકાનોને મુહુર્તરૂપે શણગાર કરવા ગલગોટાના રંગબેરંગી ફુલોની હારમાળાથી આકર્ષણ જમાવટ કરતાં ચિલોડા ફુલ બજારમાં ફુલોની હાટડીઓ મંડાઈ હતી. હાલમાં ફુલોનો ભાવ ૨૦ કિલોના ૧૫૦૦થી વધુ ભાવે ખરીદ વેચાણ વેપારીઓ કરી વ્યાપાર-ધંધામાં શુભ મુહુર્તમાં મશગુલ અને ઉમંગભેર ઉજવવામાં મદદરૂપ બન્યા છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.ભરવાડ જીવુબેન મેલાભાઈ ઉ.વ.૭૦, સેકટર-૫
- સ્વ.વાંસફોડા રમીલાબેન બળદેવભાઈ ઉ.વ.૪૮, સેકટર-૨૪
- સ્વ.નાયી કાન્તાબેન અમૃતભાઈ ઉ.વ.૭૯, સેકટર-૨૪
- સ્વ.પાલ્વે ગણેશ મારૂતિ ઉ.વ.૪૪, સેકટર-૨૬, જીઆઈડીસી
- સ્વ.ભટ્ટ ઈન્દીરાબેન જયંતિલાલ ઉ.વ.૮૨, સેકટર-૭
- સ્વ.ઠાકોર મંછીબેન ગાંડાજી ઉ.વ.૭૦, લેકાવાડા
- સ્વ.સોલંકી હીરાબેન પરસોત્તમભાઈ ઉ.વ.૬૬, સેકટર-૫
- સ્વ.રાઠોડ અથર્વ ઈલેશકુમાર ઉ.વ.૦૩, સેકટર-૪
- સ્વ.ઠાકોર પોપટજી બેચરજી ઉ.વ.૪૮, લેકાવાડા
- સ્વ.ઠાકોર રતુજી શંકરજી ઉ.વ.૩૦, ગોલથરા, કલોલ
- સ્વ.હાથી ભાલચંદ્ર હર્ષદરાય ઉ.વ.૭૮, સેકટર-૨૧
- સ્વ.દેસાઈ મેવાભાઈ મફતભાઈ ઉ.વ.૬૬, આલમપુર
- સ્વ.વાઘેલા જયંતિભાઈ ભીખાભાઈ ઉ.વ.૫૫, સેકટર-૧૩
- સ્વ.સોલંકી પ્રવિણજી બાબુજી ઉ.વ.૪૦, આલમપુર
- સ્વ.રાધેશ્યામસિંહ ઉ.વ.૫૭, પાલજ
- સ્વ.પટેલ પાલીબેન ખોડીદાસ ઉ.વ.૯૫, સેકટર-૨૭
- સ્વ.વસાવડા જસ્મિન શશીકાન્ત ઉ.વ.૭૫, સેકટર-૬
- સ્વ.દિવાન ધર્મિષ્ઠાબેન ડાહયાલાલ ઉ.વ.૪૬, પેથાપુર
- સ્વ.ભંગી પુરીબેન છગનભાઈ ઉ.વ.૮૫, સેકટર-૧૩, છાપરા
- સ્વ.રબારી ભાનુબેન બાબરભાઈ ઉ.વ.૫૭, પેથાપુર
- સ્વ.ઠાકોર બાલુબેન આતાજી ઉ.વ.૯૦, સેકટર-૧૫
- સ્વ.ઠાકોર જડીબેન બાપુજી ઉ.વ.૭૦, ગોલથરા, કલોલ